જીગરનું-
જવાહીર.

(સાત્વિક, પ્રેમદર્શક રસીલા શૃંગારી,
શેરોથી ભરપુર.)

કર્ત્તા.

શા. હરિલાલ ગિરધરલાલ મહેતા.

પ્રકાશક,
કુન્દનલાલ આદિત્યરામ પુરોહિત.
અ બાજીરોડ-સુરત.

કીં. રૂ. ૦-૪-૦

ૐ

અર્પણ-પત્રિકા.

સકળગુણાલંકૃત, પરમપૂજ્ય, માન્યવર,
મહાશય, વડીલશ્રી, નર્મદાશંકર હરિશંકરજી.

આપની, સૌજન્ય, સંયમ, અમીદૃષ્ટિ, ઉદારવૃતિ,
નીતિ, રીતિ અને પ્રીતિ આદિ, અનેકા અનેક
વિરલ વૃતિઓને મુજ જીગરમા સ્થાન
આપી, આ મારા, "જીગરના જવાહીરને"
કુન્દનમાં મઢી, હરિ . . નુ
ધ્યાન ધરતાં, આપના ચરણ કમળમા
સપ્રેમ અર્પણ કરૂં છું.

અસ્તુ.

લિ. હું છું આપનો
કૃપાભિલાષી,
હરિલાલ ગિરધરલાલ મહેતા.

પ્રસ્તાવના.

પ્રિય વાંચક !

આ નાનકડા પુસ્તકને પ્રસ્તાવનાની કાંઇ વધુ અગત્ય નહોતી, પરન્તુ. (૧) ચાલતો રીતરિવાજ, (૨) વિદ્વદ્ વર્ગની ક્ષમા. (૩) આ, "જીગરના જવાહિરને" જીગરમાં કયા પ્રકારે ધારણ કરવું.

ઉપરની ત્રણ બાબતો લક્ષમાં લેતાં, આ લઘુ પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર છે, એમ જણાવાથી આ ટૂંકી પ્રસ્તાવના વાચક વર્ગ સમક્ષ રજુ કરૂં છું.

કોઈના જીગરને જાણવું એ શકિત મારામાં નથી, તેમજ અન્ય કોઈમા પણ નહોય, એ વાત નિસંદેહ છે. જેથી વાચક વર્ગને હુ વિનતિ રૂપે જાહેર કરૂં છુ કે, આ "જીગરના જવાહિરમાં" લખેલા કાવ્યો તમારા જીગરને અનુકૂળ પડે તેમ વાંચવાં. ઘણાં કાવ્યો શેઅર, ગઝલ, કવ્વાલી, શિખરણી, ગીતિ, અને શાર્દૂલના ઢાળોમાં ગાઈ શકાશે.

વિદ્વદ્ વર્ગને સપ્રેમ પ્રણામ કરી, વિનતિ કરૂં છું કે, હું લેખક નથી, પરન્તુ આપની કૃપા છાયામાં ઉછરતું એક બાળક છું. દોષ વગરનું તો કાંઈ હોઈ શકેજ નહિ, એ

સર્વ માન્ય મત પ્રમાણે મારા કાવ્યમા તો અનેકા અનેક દોષો વિદ્વદ્ વર્ગને જણાશે, તેની હું બાળક, યાચક રૂપે ક્ષમા યાચું છું.

આ કાવ્ય રચવામાં મને યોગ્ય સલાહ આપી, ખરા અંતઃકરણથી મદદ આપનાર મારા પરમ્ પ્રિય મિત્ર મ્યુ. સ્કૂ નાં. ૧૭ના માસ્તર **કુન્દનલાલ આદિત્યરામ** પુરોહિતનો હું ખરા જીગરથી આભાર માનું છું.

મુ. સુરત
સ ઘાડીઆવાડ,
સંવત ૧૯૭૨ ના કારતક.

લિ. કર્ત્તા.



॥ ॐ ॥

શ્રી ગણેશાયનમઃ

પ્રથમ મંગલાચરણમાંજ જણાવું છું કે,

नरम्यं नारम्य प्रकृति गुणतेः वस्तु किमपि
प्रियत्व यत्रस्यत्तिदरपि तद्द प्राहक बशत्
रथांगा व्हानानाम् भवति विधुरंगार शकटी
पटी राम्भः कुम्भः समबति चकोरी नयनयो॰

પ્રથમ દ્દષ્ટિ.

પ્યારી, તું મને લાગી, પ્રથમ દ્દષ્ટે હુ ત્હારો થયો,
હસ્યું વદન ત્હારૂં ને, તુજ સ્મીત મહીં હુ ભળી ગયો,
મળુ તુને,....(એમ) મુજ હૃદય ઈચ્છા કરી રહ્યુ,
(વળી) નેત્રો ત્હારા અનુકૂળ દીઠાં, ને આ મન ચળી ગયું.

અણચિંતવ્યો યોગ.

ભાવિની ગહનગતિ, અને પ્રિયાનું પુન દર્શન.

અરે જે મન હરનારી, તેજ છે, પ્રાણથી પ્યારી,
મધુરી પ્રાણથી પ્યારી....જીગરથી જાઉ હું વારી.
.... ટેક

શુભકારી એક માસે, થયો મેળાપ મુજ સાથે,
બન્યો હું ત્યારથી તેનો, પ્રિયાના પ્રેમને માટે.

....

દિવસો કંઈ ગયા ચાલી, દીઠી નહિ મૂર્તિ વ્હાલીની,
દિલાસા મનને મેં દીધા, મધુરી મળશે તુજ પ્યારી.

....

ખૂલ્યું કંઈ ભાગ્ય તો મારૂં, થયું દર્શન મધુરીનું,
પ્રિયાએ જોયું મુજ સ્હામુ, હસ્યું મોં મારૂં ને તેનું.

... .

ઈસારા નેનના કીધા, હૃદયમા તે બહુ સાલ્યા,
પ્રીતિના ઘા હૃદય વાગ્યા, મધુરી ત્યાં થકી ચાલ્યા

"સખી મિલન."

સખી આજતું સજી ઉદાસી, તર્કે શા થઈ ગીરફતાર,
બોલ બોલ બેની મારી, તુજ હૃદય તણો ખાલી કર ભાર.

.. ..

વાત વિશેષ વધારેથી, આ અંતરમાં થાશે સંતાપ,
માટે બેની કહ્યુ માન તું, વાત મુજ કરવી કર માફ.

....

સખી, મિત્ર અંતરના ભડકા, શાંતિદાયકનું છે સ્થાન,
કાઢ સઉ જવાળા ત્હારી, કરવું ઘટતું થાશે નિદાન.

માત, તાત કે બેનીથી જે, કાંઈ હોએ વાત અજાણુ,
સખી સમીપ તે હૃદયભાર, ખાલી કરવામાં છે કલ્યાણુ

....

સખી તું જાણે આ હૃદયે, થઈ સ્થિત રહ્યા છે જે સ્વામિ,
જીગર માંહી તે ઝગમગ થાતા, માનુ છુ અંતર્યામિ.
હૃદય લીધું વળી હૃદય દીધુ ને, પ્રાણ પ્રિયે હુ કહી ચુકી,
પ્રાણનાથ ને પ્રાણજીવન, સાથે લખતા પણ ના ચુકી.
સખી ગયું જે હૃદય હાથથી, કયમ કરે પાછુ આવે,
મન માન્યા જો સમીપ આવે તો, સંગ જીગર મારૂ લાવે.

... .

સખી શાંતિ સતોષ ધરીને, વિશ્વનાથની કર ભક્તિ,
આશા જનની સફળ થવાની, ધારી છે જેણે શક્તિ.

વિયોગ

તુજ વિયોગ ન રાખ,
વ્હાલી તુજ વિયોગ ન રાખ, (૨)
અન્ન ન ભાવે નિંદ ન આવે, બેઠો જપુ તુજ જાપ–ટેક
ભાઈઓના મેં ભાવજ ખોયા, બેન મૂકી બરબાદ,
સગા સબધીમા સડોજ પેઠો, ન્યાતમાં નીકળ્યુ નામ.
આપત્તિઓ વ્હોરી અતિશે તોપણ રસિલી રિસાવ,
તોઓ અલી અલબેલી શું બોલે, વચનના કીધા ઘાવ.

....

સારિકા તુજ સ્નેહની, સરિતા ઉરે ઉભરાય છે,
અપવાદના અતિ વમળથી, મન રાંકડું ગભરાય છે.
ગભરાય તે અકળાય છે, અકળાય તેજ મુઝાય છે,
પડયો ઘાવ જે અંતર મહીં, કાળાતે શું રૂઝાય છે?

... .

હૃદય દ્વાર હોત જો હૃદયને, ખોલી બતાવત તુજને,
(કે) પ્રેમની જડ જે જડાઇ, તે સાલતી અતિ મુજને.

... ...

તન, મન, જીતીને પ્રેમદા, પરવશ બનાવ્યો તેં મને,
પ્રેમ પાશથી જકડી લઈ, નાંખ્યો ખોરંભે તે મને;
જ્યારે પ્રીતિના ઉમળકે, જોવાને તમ દીલ ચ્હાય છે,
સ્નેહિ નજરના અસ્રુથી, થઈ મુક્ત તે બધાય છે.

....

જ્યાં શ્વેતવરણી, મનહરણી, સુંદરી હસતી ફરે,
વિરહથી વ્યાકુલ થએલુ, દીલ ત્યા જઇને ઠરે;
જ્યારે એ હૃદયેશ્વરી, આ નયનથી દૂર થાય છે,
ત્યારે વિવિધ વિચારના, મન વમળમા ગરકાય છે.

"સ્વપ્ન."

સૈયા નજીક બેઠાં રસીલી, આપને ભાળ્યાં હતાં,
જળતા જીગરને સ્નેહુથી, શાન્ત્વન નીર પાતાં હતાં;
ભાળી પ્રતિમા દેવી તણી, સર્વ દુ ખ વિમુખ થયું,
ધન ધનવતરી દેવડી, આ દુ.ખીનું દુ ખ તેં હર્યું.
એકસો ને ત્રણ ઉપર, ડીગ્રીના તાવથી,
મુક્ત કીધો મુજને તમે, ઓછી દયા એ આપની;
ઉપકાર શાણી વાળવા, આ દાસ જન્માતર જશે,
તો એ અનુપમ આપનો, બદલો પ્રિયા ન વળી શકે
સ્વપ્ના તણા સયોગથી, મુજ આ ઉપાધ જો ટળી,
(તો) સંબધ શારિરીક હતે, તે લાભ કળી શકતો નથી.
સસારમાં સુખ મેળવી, સુખી કરો તમ સ્વામીને,
આ લોકના લ્હાવા સજી, અતે મળો જઈ સ્વામીને.

"પ્રેમ યોગી"

બન્યા જે પ્રેમના યોગી, સદા અલમસ્ત ફરનારા,
નહિ પરવા હૃદય ધરતા, સ્વાન દે વિચરનારા;
વિચરતા સૃષ્ટિમાં જ્યાં જ્યા, તહાં તે પ્રેમને દેખે,
અવર અવનિ માંહી કો ચીજ, નહિ પ્રેમ યોગીઓ લેખે;
મઝા જે પ્રેમના રસની, લહેજત ઑર આવે છે,

નહિ પ્રેમયોગી વીણુ તેનો, મધુરો સ્વાદ ના પાવે;
અમારા પ્રેમના પંથો, સદાએ ન્યારા છે જગથી,
બની મસ્તાન એ મદમાં, કૂદે પૃથ્વી પરે નભથી.
નિરંતર પ્રેમના જાપો, રસનાએ સદા રટતા,
પવિત્ર પ્રેમના પાઠો, આનંદ ધારીને પઢતા,
લગાવી પ્રેમની ધુણી, ઉપર તે પ્રેમથી બેસે,
વિભુતી પ્રેમની પોતે, સકળ અંગે લગાડી દે.

" તરંગ. "

સુંદરીની સોડ જાહી, સુતો નર જેહ નાંહી,
લીધુ સુખ શું એણે આંહી, વૃથા જનમ્યો આ જગમાહી;

....

નવયોવન જે સુંદરી, કરતી જ્યા કલોલ,
ઉત્તમ એ આરામ છે, મન આનંદ પામે અતોલ.
પ્રિયા તણો પ્રેમ ભાળી, દઈશ હું હાથ તાળી,
દેશે સર્વ દુઃખ ટાળી, પ્રિયા મેં નજરે નિહાળી.—સુંદરીની—

" વ્હાલી "

તને વ્હાલી કહેતાં, મમ હૃદયે કંઈ કુતુહલ મચ્યું,
તને વ્હાલી કહેતાં, નવીન રંગે આ હ્રદ રચ્યું,

તને વ્હાલી કહેતાં,....... ....વિણુકા ન ઉચ્ચરતું,
તને વ્હાલી કહેતાં, હૃદય થઈ જાતું ગળગળુ.

....

વળી વ્હાલી એતો, નવિનતા ને રમણિયનું,
સતત્ સ્મરણ કરાવે, સર્વોત્કૃષ્ટ એ શબ્દનુ.
કંઈ (કો) વ્હાલી વ્હાલી, ઉચરી માળા સમ જપે,
ન પુરા જો જાણે, નિયમ તો ખર બની ખપે.

"બુલબુલ."

તજી જાશે શુ મુજને તુ, મધુરા માહરા બુલબુલ,
ભુલી જાશે અરે તુ શુ, મધુરા માહરા બુલબુલ
નહિ હૈયેથી વિસરાશે, હૃદય ગીત તાહરાં ગાશે,
ફકીરી હાલ તુજ વાશે, મધુરાં માહરા બુલબુલ
ઘડીમા કાંઈ હું દેખુ, ઘડી પછી કાંઈ હુ પેખુ,
પરન્તુ હું ન તે લેખું, મધુરાં માહરાં બુલબુલ.
કરી તે પ્રીત મુજ સાથે, મધુરાં માહરા બુલબુલ,
અરે તુ વિણ પ્યારારે, સુકાએ છે આ તારૂ ગુલ.
અરે બુલબુલ ખુશી થઇ ગા, અધીરાને તું અમૃત પા,
પછી દીલ ચ્હાય ત્યા તુ જા, મધુરાં માહરાં બુલબુલ.

અહો બુલબુલ મધુરાં ઓ, હું તારો તો તું મારૂં થા,
હું તારો ને તું મારૂ ના, મધુરાં માહરા બુલબુલ.
અહો, બુલબુલ ખીલે જો તુ, ખીલે તો સત્વર ખીલું હું,
ખીલી ખિલાવ મુજને તુ, મધુરા માહરાં બુલબુલ.
કર્યો તેં વાસ અંતરમા, રમી રહ્યુ છે રગે રગમા,
ભમાવે છે, મને ભ્રમમા, મધુરાં માહરા બુલબુલ.
હૃદયથી ચા'ય જો અમને, હૃદય સાથે જડી લેશુ,
ચરણુ તુજ ચુમી પુજીશુ, મધુરા માહરાં બુલબુલ.
દીઠાં બુલબુલ હજારોમે, જીગર જીતી શકયુ ના તે,
જીતી કેદી બનાવ્યો તે, મધુરા માહરાં બુલબુલ.

"કોયલ."

રે, કોયલ કાળી કરી વિભુવરે, ભૂલ્યા કોશે કામમાં,
કે, શું રંગ તરંગે મચી પડયા, અર્થાતતો કો તાનમાં;
ના-ના-બ્રહ્માએ કરી ગત ઘણી, કંઠે મધુરી કરી,
મધુર વદતીને રંગીત કદી કરે, (તો) થઇ જાએ મદની ભરી.

"ભ્રમ"

ઉભો હું છું આ સ્થળે, પ્રિયખરે, (પણ) ચાલુ તુજ સંગાથમાં,
જોડી હસ્ત ઉભય ઉભો પણ, આવી રહી મુજ બાથમાં;

ચાલીને ચતુરા ગઈ નયનથી, મૂર્તિ ત્યાંજ ખડી રહી,
જાણે આ ભીંત સપાટી ઉપરે, છાયા પ્રિયાની તરી રહી.

" મધુકરની મોજ "

મધુકર મોજીલો થઈને, ગુંજે ફૂલ ફાટીઓ તું શુ !
નથી જોતો પછાડી તું, અગાડી દેખે છેરે શું.
કરી ગુંજાર તું દોડે, કમળની પાસ હેતેથી,
વિહવળ થઈ ભાનને ભૂલી, ઝપાટે ધાએ પ્રીતેથી.
અરે, ભોળા મધુકર તું, કમળની પ્રીતમાં લપટયો,
ફસાયો પ્રીતની જાળે, બીડાશે તો તુ મહીં પટકયો.

... .

નહિ પરવા કમળ તુજને, કદર મધુકરની પ્રીતિની,
લગાડી લાલને લગની, વિસારી શું મૂકે ભૂંડા.
તુને દેખીએ ઉત્સાહે, ન ધારે પ્રાણની પરવા,
છુપાએ તું તેનાથી તો, જીવનને મૂકી દે મરવા.
છોડીએ સાથીઓનો સાથ, ભલા તારો થવા ચાહતો,
ગજાવી ગૂંગૂં સાદેથી, પ્રીયના ગુણને ગાતો.

... ...

સમીપમા આવતાં દીલબરને, દીવાનો થઈ બાઝે,
પરિમળ પ્રેમનો લેતા, પુરાઇ મૃત્યુ તે પામે.

....

ખરો પ્રેમી ભ્રમર દીસે, પૂજું હુ પ્રેમ આણીને,
કુર્યો કુરબાન પ્રેમીની, પછાડી પ્રાણ આપીને.
ડર્યો ના તું અલ્યા પ્રેમી, ખરી એ પ્રીતિની રીતિ,
ભલે તેં પ્રાણ ખોયો તોય, તજી ના તે જરા નીતિ.

" જુવાની. "

જુવાની તું ખરે જનને, દીવાના તો બનાવે છે,
ભૂલાવીને ભમાવે છે, અને અંતે રડાવે છે.
શિખાવે છે, પ્રીતિનો પાઠ, પ્રવીણ તેમાં બનાવે છે,
અને રિઝલ્ટ આખરમા, નીરાશાનુ બતાવે છે
જનો પણ ભાન ભૂલીને, તું દોરે તેમ દોરાએ છે,
ખરે મનથી સ્વર્ગનું સુખ, નિહાળે તેમાં માને છે
જુવાની ઝાંઝવાનુ જળ, કરે આકાશ ફૂલ આશા,
જુવાંનીના મદે ડોલી અધર કિલ્લા રચે ખાશા.

" ગુલાબ. "

તું મારૂં મધુરૂં ગુલાબ ખીલતું, ખીલી હૃદય વિકસાવતું,
વિકસેલા આ હૃદય પટપરે, તુજ પરિમળ પ્રસરાવતું.

અમૃત ઝરણાં નયન મુજપરે, શાંતિ સુધા વરસાવતા,
રસિલા આ મુજ જીગરને, નિશદીન, અવની માંહી ભમાવતા,
કઇ કઈ ભૂ મહીં ગુલ છે ઘણા, જોઈ હૃદયને પૂછતાં.
ના-ના-એજ રસીલુ ગુલ કહી, અ તરે આન દ આપતા
લેનારાએ ગુલ વિષે પ્રિય તને, ઉપાધિ નડશે ઘણી,
વિપત્તી વાદળ સહુન કરવા, જો ઇચ્છા હો તો જા તે ભણી.

" થવાનું તે થવાનુ. "

કરોડો યત્ન કરતાએ, થવાનુ તે થવાનુ છે,
નહિ ચાલે કદી બળ ત્યા, થવાનુ તે થવાનુ છે;
થયુ પ્રારબ્ધે જે નીર્માણુ, હશે તેવુ થવાનુ છે,
જવાનુ હોય યોગે જે, થવાનુ ને જવાનુ છે;
સૌ ઋણોથી છૂટયા કે, દીએ સ બ ધને તોડી,
બને દુશ્મન કા વેરી, અગર જાએ સદા છોડી,
પૂર્વ જન્મે કરી કૃત્યો, ઘડાવી લાવ્યા જે ભાવિ,
દેખાડે ર ગ નચાવે એ, શરણ થઈ લેવુ નિભાવી

" કયાં ગઇ. "

ના, જા મુજે કો છોડી
કહાં ગઈ રસીલી મોરી. (૨)

કહા ગઈ રસીલી મોરી, (૨)
કહાં ગઇ રસીલી મોરી.

નેનોસે નેન જોડી, (૨)
ગઈ કાં વા'લી વીછોડી.

મીઠી મજાક કરતી, (૨)
ભૂલી ગઇ રે ભોળી.

લટકો કરતી તુ લલના, (૨)
લચકાવી કમર છોટી.

"શીખ."

અયે, ગુલવાદીની, થઇ જાશો પરાયાની,
મધુરી મનહરનારી, થયાં નારી પરાયાની.
સમજતો હુ હજુ સુધી, પરાઈ પુત્રી તે તો છે,
પરાઇ પુત્રીને નારી, હવે તું તો થઈ ગઈ છે.

નહિ અખત્યાર મુજને તો, તમો પર દૃષ્ટિ તો કરવા,
તમો સુખી ભલે થાજો, નહિ ધરતા હૃદય પરવા
તમારો પ્રેમી પ્યારો એ, હૃદયમાં હેતથી ધારો,
............................સદા સદ્ધર્મને પાળો.

" માતા "

માડી કેરૂં વ્હાલ અતુલ જગમાં, વિશ્વેન એના સમું,
વઢતી ને હસતી મધુર વચને, પ્રેમથી દેતી ખાવુ.
ધણઓ મારે ધબ લઇ, કરડી થતી આંખથી,
રડતામા તું તરત અધીરી થઇ, છાતી સમો દાબતી.
બેટા કહીને ઉપરા ઉપરી, વ્હાલથી બચ્ચી દેતી,
પંપાળી પ્રેમે ખુશી થઇ અને ઉરે, મીઠડી વાત કે'તી.
જનકો અડકે જરીક જો મને વઢે, વાઘેણ રૂપે તૂટતી,
માતા કેરી પ્રેમસંપત ઘણી, કોદી નહિ ખૂટતી.

" દુ:ખી. "

દુખીઆ દીલનાં દર્દો, સુખી લોકો તે શુ જાણે,
ન જાણે તો પછી, અંતરે ખ્યાલ શા આણે,
ઉઠે જ્યા આગના ભભુકા, પડયો જન અંતરે બળતો,
અરે બળનાર વિણુ તે વેદના, બીજો નહિ કળતો.
રણક્ષેત્રમા સમશેરનો, જેહ ઘા રણવીર સહે,
થાય જે અતિ પીડતે, અંતરમાં સમજી રહે,
કહે વાંઝણી સ્ત્રીઓ તણી, અતી ઘાત શાને થાય છે,
પણ તે શુ જાણે બાપડી, પ્રસવ થતાં પ્રાણુ જાય છે.

સુખી મનુષ્યો સુખમાં, નહિ દુઃખને અંતર કળે,
સુખી સૌ સંસારને, સુખી પ્રમાણે તે ગણે
પડ્યા હોએ પ્રીતિના ઘા, અને રૂધીર વહ્યું હોય તો,
દુ ખી દીલની સ્થિતિ કેરી, સમજ સર્વે ૫ ? ત ના

"તગદીર."

ભલા તગદીર રખડાવે, મુને તુ આમ શુ જગમા,
ભમાવે ને હસાવે છે, રડાવે છે, વળી પળમા.
દીધી આશા મુને ભારી, વૃથા આનંદ ઉપજાવે,
લઈ દર્પણ અને માંહી, અસત્ય ચાંદ બતલાવે
અતિ ક્રૂરતા સજી બેઠુ, અને મુને સતાવે છે,
હુવે બસકર અરે તગદીર, અતીશે શુ મુઝાવે છે
કહે તું પર છવાયુ શુ, ખરેખર વજ્ર ઢાકણુ શુ,
કૃપા આ રંક પર ધારી, જરી દૂર કર હવે તો તુ
અરે ઓ કરમ જરીથા નરમ, છોડીદે શરમ, જણાયો ભરમ,
નહિ ચાલે હવે તો મરમ, અહા શુ ક્રૂર થયુ તુ કરમ
નહિ સ્નેહિનો કહેવાયો, નહિ મારો પોતાનો હુ,
જગતનું હુ ચવાણુ થઈ, જગત દહાડે ચવાણો હુ
ત્રિશંકુની સ્થિતિ જેવી, કરી તે મારી પણ તેવી
હતા રાગી ન અનુરાગી. .. .. .

"દેવી–દર્શન."

સરળના પંથ પ્રીતિનો, નીરંતર વાસ ભીતીનો,
પૂરા પ્રેમે અસી ધારે, (રહે) પરીક્ષા થાય છે ત્યારે
વળી વાઘેણુ સમ હીંસક, અતી ક્રૂર પ્રાણીઓ વસતા,
ભુજંગો પંથીને આવી, ફણા માંડી જતા ડસવા.
વળી મેદાન ઘીચ ઝાડી, હૃદયની હામ તજાવી દે,
અને આવે ભયંકરરે, શર શૈયા બીછાવી છે
જીગરમાં પ્રેમ દેવીનો, દર્શની લેહ લાગી છે,
ગણી જો તુચ્છ સૌ જાએ, પૂરો એ મહાભાગી છે
શીતળ બહુ સ્નેહ છાયામા, કંઈક વિશ્રાંતિ ધારે છે,
સમીર સુખકર લેતા લેતા, ધ્વજા ફરકે તે ન્યાળે છે
દીલેના દુખી છુ ધારે, તજે દરકાર સૌ જ્યારે,
દર્શ એ **પ્રેમ દેવીનાં**, પ્રવાશી પામે છે ત્યારે
તપેલા ને બળેલા આ, જીગરની ઠારનારી છે,
ત્રીવીધિ તાપ હરનારી, ખરે (એ) પ્રેમદેવી મારી છે

"દશેરા."

કઈ વરઘેલી પ્રિયતમા, આજે પીયુ પામશે,
આનંદ સાગરે પ્રીત ધરી, ડૂબકી પણ મારશે,
પ્રીતિના નીરથી રસબસ બની, સર્વાંગને ભીંજાવશે,

ગાલોના સરવર તણું અમૃત, હંસોને પીવરાવશે.
ના-ના કહેતા નાથ પાસ જઈને, સ્નેહે રંગ રમાડશે,
શરમાતી, લચકાતી, મદવતી, શરમાઇને શરમાવશે,
સંગે પોઢે યુગલ વ્યક્તિ, જેમ બાઝી વૃક્ષને વેલડી,
મીઠી મીઠી ગોષ્ટિ કરીને, રેલાવે રસ રેલડી

" ઐક્યતા. "

કદી કર વિછોડી જાવાને, ઘણા બળવંત બળીઆ છે,
કદી બંધન સાકળનું, તોડી નાશી જનારા છે
કદી કારાગારમા પૂર્યો, કેદી નાશવાનો છે,
(પણ) હૃદયની જેલનો કેદી, કદાપિ નાશવાનો છે?
હૃદયના દ્વાર તોડી શું, જવા કો સમર્થ છે?
સ્નિલા આ જીગરમાથી, જરા ખસવા સમર્થ છે?
સદા દુનીઆની રીતિએ, પરાયા તે પરાયાં છે,
અંતરના અમારા જે, અમારા છે તેના તે.
જુદા વરસાદના બિન્દુ, પરન્તુ એક પાણી છે,
... દેહુ જુદામા, આખર હું સમાણી છે.
મારો અંશ જેનામા, તેનોજ અંશ મારામાં,
જોતા તત્વની દૃષ્ટેથી, ભળ્યો હું છુ તમારામાં.

" ઉદ્‌ગાર. "

અરે એ પ્યારી તું, અધીક સ્નેહ સાગર બની,
અમી ઝરતી આંખો, સ્વાંગ તારૂ નીરખતી,
કહો શુ પ્યારી આ, શોચ નભશે સદૈવ જિંદગી,
ધરી સાલસનો ગુણ, નયને નીરખવુ ધારી પ્રીતિ.

" મારો અનુભવ. "

જે શબ્દો સાંભળતા, કંપારી ખાઇ હૃદય ઘણી ઢળતુ,
વચન પ્રહાર સહુતા, ભડભડભડ આ જીગર સદા બળતું
જે જન એક ઘડીપર, ખમા ખમા ના શબ્દોથી છવરાતો,
સમય સહજ બદલાતા, નિંદ્ય જનોની લાતો પણ ખાતો.
જ્યારે મુજને લોકે, પ્રથમ માન આપીને સંતોષ્યો,
અમી દૃષ્ટિએ મુજને, સર્વ સૃષ્ટિએ ઉત્તમ ગણી પોષ્યો.
ભાગ્યશાળી ગુણુ ઉમદા, નશીબવાન પણ સાથે સૌ કહેતા,
સુશીલ સુજ્ઞ કહીને, સામા મળે તો, નીચા નમી નમતા.
ભાઈ, ભાઇ, મોટા છો, દિવ્ય પુરુષ છો આપ ખરે જગમાં,
પુણ્યશાળી કહી મુજને, ધન્ય, ધન્ય કહેતા સૌ જનમાં

....

તેજ અભાગી બન્યો છુ, સુશીલ, સુજ્ઞનો સુવર કેહવાયો,
ઉમદા ગુણુને બદલે, અવગુણુનો અંબાર, દુનીઆને દેખાયો.

નશીબવાન તે નફ્ફટ, ઉત્તમતાનો પ્રલય થયો આજે,
માન, પાનની પૂછડી, ધારણ કરવી હવે શીદ કાજે.
દુનીઆનો ધારો છે, શ્રીમંતના શેઠાણી તે તો બેન,
રંક તણી રામાને, ભાભી, પાન પાણીના આપો કેમ.
રૂપાળી રામાના. પતિ તણા મિત્રો થાએ છે ઘણા,
દુષ્ટ પ્રપંચી સર્વે, સમજો એમા કાંઈ નથી મણા.
માણસ તેનો તે છે, ફેર પડયો નથી દેહમાં જરીએ,
સમય તણી બલિહારી, નરને પળમા ખર બનાવી દે.

"જીગરની પરવશતા."

ઉડી આકાશમા છાયો, પદ્મીની તણો પરાગ
થયો સ્પર્શ જીગરને તે, (કે) ઉરે આનંદ વળે અથાગ,
જીવનનુ જે ગણાએ સત્વ, જણાએ પ્રેમ મૂર્તિમાં,
લલિત લલના તણો સૌ મોહ, રહ્યો છે મુખ મૂર્તિમાં,
નયનો નીર સીંચીને, બનાવે પ્રેમને રસબસ,
અને આશા મળે ત્યારે, જીગર જાએ બની પરવશ.

"પ્રેમ-મહાલય."

સુશોભિત પ્રેમ મહાલયની, સીઢી બહુ સાકડી છે જો,
ન જો ખાતરી થાએ, જરી જાતે જઇ જો જો.

ચતુરાઈ ન ચાલે ત્યાં, ચઢે છે આસુ સારીને,
(તે) પ્રવાહ જોવો હોય તો, હૃદય ખોલી રડી જો જો.
જવા ઉર પ્રેમીની પાસે, ઘડે કે'વા હૃદય ઘાટો,
ઉપાધિ સર્વ ત્યાગીને, જરા જાતે ઘડી જો જો
મહા વિદ્વાનની બુદ્ધિ, તહા પણ બહેર મારે છે,
અનુભવથી થવા માહીત, તમો જાતે ચઢી જો જો

"હૃદયની હોળી."

બળે છે ચિત્તમા હોળી, દેખાડુ શી રીતે ખોલી,
અજબ સંસારને જોઇ, હૃદય બેઓ રહ્યુ રોઈ
અરે ઓ મન હરનારી, મધુરી કયા છુપાઓ છો,
દેખાડી પ્રીતીની રીતિ, પછી કયા નાશી જાઓ છો
બદન દેખી રૂડુ રળિયાત, કરે મન આજ અતિ ઉત્પાત,
દેખી મુખ ચંદ્ર સરીખુ ભાલ, પડે ત્યારે હૃદય જરી શાંત
નયનના તાર સંધાયા, વખત ઘણો તે લંબાયા,
ગણ્યા તે મુજને પ્યારા, ગણી મે તુજને દારા
પ્યારા, દારા તણો જે સબંધ, ભાવિએ નાખી મહી દુર્ગંધ,
કસોટી કર્મે તો કીધી, ઉડાવી વાત સૌ દીધી
જુઠા આરોપ બહુ સાલે, મારે જેમ શત્રુને ભાલે,
વ્યતિત આ કાળ તો થાશે, પરન્તુ કહાણી રહી જાશે.

પ્રિયાના મર્મ ભેદુ ચિન્હ, વિસાર્યા કેમ વિસરાએ,
બનાવો જે બન્યા છે અનેક, ભુલાયા કેમ ભુલાએ.

સબંધ પ્રિયા તણો તૂટયો, ગણીશ તેને હવે જુઠો,
(પણ) ડાકીણી દુનીઆ રીસે, બળી ખાએ મુને પીસે.

નથી આ વાત સહેવાતી, નથી કો પાસ કહેવાતી,
નથી નયનોથી જોવાતી, નથી આંખેથી લો'વાતી.

અરે આશા તણું શુભ વૃક્ષ, થઈ વિશાળ ગયુ તૂટી,
હતી આશા નિરાશારૂપ, ધરી આજે મુને એ ફળી.

કળા કિરતારની ન્યારી, નહિ સમજે અજ્ઞાની જન,
કરે જે કૃષ્ણ તે સારૂ, સદા ગણીને રહેવુ મન

અરે મારી સુખી તુ થા, સદા સદ્ધર્મને પાળી,
સુખી તુને સદા દેખી, સુખી આ જિંદગી માનીશ

પ્રિયા, પ્યારી લખુ શબ્દો, અતિ દોષીત બનુ છુ હુ,
કદી. નહિ તે મુજબ વર્તું, ખરે પથે પળીશતો હુ

હૃદયમા ધર્મને ધારી, સત્ય પ્રમાણે હુ ચાલીશ,
નહિ કોનુ બુરૂ તાકીશ, કરમ મારાનો દોષ માનીશ.

ખરે સતવાદીઓ રાજા, હરિશ્ચંદ્ર નથી હમણા,
તથાપિ આજ સૌ પ્રેમે, સ્મરણ કરતા દુખી દનમા

"ક્યારે મળશું"

હવે પ્યારી મળીશુ કે, નહિ મળશું હશે ભાવિ,
જીગરના સૌ જખમોને, ભૂલી જઈ લઇશ નીભાવિ.
હૃદયાધાર જીવનઓ, અભાગીનુ બની તુ છે,
પ્રિયા આ પ્રાણ નહિ જાએ, ...
સુખો ત્હારા નિહાળીને, સુખેથી સેજમા સૂસે,
નહિ સે'જે સુતેલો તે, સદાની સેજમા સૂસે.

"સચરાચર સ્નેહિ"

સંસારમા જ્યાં જ્યા ફરૂ, ત્યા ત્યાં રસિકડી તુ ખરી,
રાતે અગર મધરાતે પણ, સ્વપ્ના વિષે તુ તો ખડી.
કંઈક પક્ષિના કોકિલ સ્વરે, આ હૃદયને સ્મરણ થતુ,
કે કોકિલાશ્વરી કામીનીના, માધુર્ય કેવું કહનુ.
ભોજન કરતા (મને) ભાન તારૂ, પીતાં પ્રિયા અંતરવસી,
કામો કરૂં પણ કામીની, તુ હૃદયથી જરીના ખસી.
નાટક અગર નૃત્યો મહીં, જ્યાં જાઉં ત્યા છબી આપની,
જ્યાં સુખ ત્યા સુંદરી ખરેખર, છબી નીહાળુ આપની.

"શુ તુ...નહિ."

નવોઢાના નયન નીરખી, નેહમા લપટી પડયો,
ચતુરા ચિત્તમાં વસીને, પ્રીત જાળે ફસી પડયો.

....

નમેરા શું થયા નારી, અતિ ક્રૂર શુ થયા પ્યારી,
જવાથી આ અભાગીની, સ્થિતિ અતર નહિ ધારી.
રે, આ હૃદયના સ્નેહિ, પડી શી પ્રીતમા ખામી,
સ્વીકાર્યો પ્રેમ ના મારો, બનાવ્યો ને .

"જીગરને-વિયોગ."

જાઉં છુ રમણી હવે તજી તને, ઓ દેવી આ હૃદયની,
ધરજે આ તુજ શુદ્ધ યાચક પરે, ક્ષામ્ય વૃતિ પ્રણયની,
ડગલુ ભરતા નયન ઝરતાં, અશ્રુની ધાર વહેતી,
ના-ના-કહી તાણે પ્રિયે મુને, તુજપરનો પ્રેમ અતિથી.
જાશે આ દૃશ્ય દેહ દૂર ખરે, પણ હૃદય તુજ સાથે જડયું,
તુ અને આ હૃદય મારૂ, કુન્દન શોભા સમ મડયું.
પુષ્પોથી પ્રિયે પરિમળ, જેટલો દૂર રહે છે,
જળની છાયા જગમાં સમેલી, સર્વદા તૂંજ દેખે.

"ચા."

ઓ ચા' તુ અદ્દ્ભુત ગયો, ને ચા પણ લેતો ગયો,
જો ચા' અંતરમાં નહિ, તો ચા તણો શો ખપ રહ્યો.
ઓ ચા પ્યારી પ્રેમથી, કંઈ દીનની પ્રીતિ હતી,
સબંધ સૌ પૂરો થતા, આ હૃદયથી તુજને તજી

"માનસીક પૂજા."

અરે મન માન તુ મારા, પ્રભુના ચર્ણને યજને,
સદા સંસારમા રહીને, પ્રભુના ચર્ણને યજને.
નિરાભીમાન નીરેથી, કરાવ સ્નાન પ્રીતેથી,
પછી શુદ્ધ પ્રેમને ધારી પ્રભુના ચર્ણને યજને
વિવેક વૈરાગ્યની સુખડ, ઘસ તુ **મમતા** શલ્યાપર,
ચંદન શુભ ધ્યાનનુ લેઈ, પ્રભુના ચર્ણને યજને
ઊગ્યા **સત્ કર્મો રૂપી** જે, ભવારણ્યે પૂલો જે છે,
ખરા પ્રેમે ચૂટી લઈને, પ્રભુના ચર્ણને યજને
સદા **શુભ વાસના** રૂપી, સુગંધિત છે અગરબત્તી,
પ્રગટાવી **જ્ઞાન જ્યોતિથી**, પ્રભુના ચર્ણને યજને
બળીરાજાએ કીધુ જેમ, આત્માર્પણ પ્રભુ વિષે,
(તેમ) **જીવાર્પણ** રૂપ ધરી નૈવેદ્ય પ્રભુના ચર્ણને યજને.

" પ્રેમીઓની એકાવલી.

લયલાના પ્રેમે મસ્ત થએલો મજનુ, જગતને શું કહે છે,
વૈભવ સઘળા ક્ષણિક તમતણા, નાશવત આખરે છે
પ્યારીના પદ ગાઈ, મગન થઈ, આ દીલ રહેતુ મસ્તાનમા,
વ્હાલા મારા વન તરૂવરો મને બહુ, રાખે સદા તાનમા

ફરહાદે તો હદ કરી શીરીન પૂઠળ, પહાડોને તોડી દીધા,
પત્થર, પાણી, વૃક્ષો અને નજર જ્યા, પડતી ત્યા ન્યાળે પ્રીયા
શિઆળાની અતિ ઠડી પડે તે સહે, વાયુ પ્રખરને નાગણે,
વરસાદે તે વન વિષે મસ્ત પ્રેમી, શોધી રહ્યો છે પ્રાણને

પુડરિક, ચદ્રાપીડ, માધવ થઇ ગયા, જે રાજવશી હતા,
ઋતુધ્વજ પણ રાજપાટ સર્વને, ત્યાગી વસ્યો સ્મશાનમા
આવા પ્રેમીના હૃદયો પુષ્પો થકી, અધિક છે કુમળા,
પૃથ્વીતલ એજ પાવન કરે સુખ થકી, તલ્લીન ભક્તિમા થતા

" દીલનુ દર્દ. "

કયી ડિસ્પેન્સરીમાં જઈ બતાવુ, દીલના આ દરદને,
મળે કો પિછાણે વેદના, દેખાડુ દાના મરદને

મૂકી ભુંગળી તપાસી કહેતા, લીવરમા ખામી,
દીલ દર્દથી બિમારી લીવરે શક્તિરે' શાની.

બહુ પીધા દવાના બાટલા, વળી ગોળીઓ ખાધી,
તેથી દર્દ ના મટયું અને, શક્તિ નહિ આવી.

દીલ દર્દની દવાઓ—ના મળતી ઠારોઠાર,
મળે એક ઠામે જા હું—સદા દીલદારના દેદાર

જીગરનું જવાહિર.

ભલે આલમ બધી મળતી, જુલમ જાલીમ ગુજારેને,
ભલે બકતી કરી બકવાદ, ભલે કહેતી ખુમારી છે
કહે નિલંજ કહે નફ્ટ, નફાનુ એ સૌ જાણું,
સૌ જવાળા જગતની હુ, ગણી અમૃત પીજાણું
જીગરનું જવાહિર છે, હૃદયમાં એ પ્રકાશિત છે,
જરી ઝાખપ ના આવે, **જીગરના આ જવાહિરને.**
જીવનનુ મૂલ મોઘું છે, જીગરથી જાળવે પ્રીતે,
અધિક તેથી જો જાણે તો, **જીગરનું આ જવાહિર છે.**

" ભાવિ "

વિધિના લખીઆ લેખ, જન પ્રયત્ને નહિ ફરે,
ભલે નાચી અને કૂદી જઇ નભને બાથ બીડે.

થવાનું તે થાએ, લેખ છે જે લલાટે,
નથી સંશય, ધરતો, હું હવે તો જરાએ

....

રળી સંઘરેલું ધન, આપણે વાવરીશુ,
ધરી એવી આશા - જન સમુહમાંહી ફરીશું.
નથી ધરતા મનમાં, વ્યય આના કોણ કરશે,
મુરખ મન મલકાઈ, વૃથા આશા માહી મગ્ન શે

....

બનાવ્યાં પ્રીતેથી, મિષ્ટ પદાર્થો નવનવા,
અને ભાણે બેઠા, વસ્ત્ર ઉમંગે ધરી નવા
નહિ સરજીત હોએ, તો ગ્રાસ પ્રથમેજ માખી,
ભાવિની એ અકળગતિ છે, નિશ્ચે જાણો એજ ભાવિ.

નુતન
વર્ષનું
અભિવદન.

વાચકો આ નૂતન વર્ષ, સુખરૂપ તમને ફળો,
સંસારની સુખ સંપત્તિ, ભોગવી આનંદ કરો
તમ શારિરીકને માનસિક, તાપો સૌ પ્રજળી જજો,
શુદ્ધ સાત્વીક ભાવ ધારી, વાત્સલ્ય પ્રેમ ઉરમા સજો.

વ્યવહારમાં પણ કુશળતા, દિન પ્રતિદિન પામજો,
પ્રવીણતા સૌ કાર્યમાં, હે, પ્રિયે તુને જામજો.
આળસ, લોભ, ને ક્રોધ, વળી મોહથી વિમુખ થજો,
જળ કમળ સમ રહી જગત્મા ૐકારને પ્રીતે ભજો.

सर्वे जनाः सुखीनो भवन्तु.

ૐ શાંતિ: શાતિઃ શાંતિ:

સમાપ્ત.

શું તમે જ્યોતિષ શાસ્ત્રના અદ્ભુત જ્ઞાનથી
જાણીતા થવા માંગો છો ?

તો જુવો ભાઇ,

જ્યાં

ચમત્કાર

ત્યાંજ

નમસ્કાર.

જન્મોત્રી, જન્માક્ષર, ટપકા, વર્ષફળ,

તથા

તાત્કાલિક પ્રશ્નોના ખુલાસા સારામાં સારી રીતે કરનાર, અને ખાત્રીને માટે મનનું ધારેલું પ્રશ્ન રૂબરૂ-આજ વગર ફીથી કહેનાર,

જોશી રેવાશંકર ભવાનીશંકર.

ઠે૦ છાપરીઆ શેરી—સુરત.

ચોપડીઓ મળવાનાં ઠેકાણાં.

૧- શા હરિલાલ ગિરધરલાલ, મહેતા
સંઘાડીઆવાડ સુરત.

૨- કુન્દનલાલ આદિત્યરામ પુરોહિત
ઠે અંબાજીરોડ-સુરત.

૩- બાબુભાઇ ગણપતિશંકર અંબાજીવાળા.
અંબાજી રોડ—સુરત.

તથા

શહેરના જાણીતા બુકસેલરોને ત્યાંથી
મળી શકશે.

છાપનાર-વીઠલદાસ કીકાભાઈ

છાપવાનું ઠે૦-મુ. અના ધી સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં

ખપાટીઆ ચકલા સુરત

પ્રસિદ્ધ કરનાર—કુન્દનલાલ આદિત્યરામ પુરોહિત

પ્રસિદ્ધ કરવાનું તથા રહેવાનું ઠે૦-આ ભાગળરોડ-સુરત.